# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન – રાજકોટ

NIPUN BHARAT

પાયાની સાક્ષરતા અને અંક જ્ઞાન

DIET RAJKOT

तेजस्विनावधीतमस्तु

# FLN : વાચન પ્રવાહિતા

# શિક્ષક સહાયક સામગ્રી

# વાચનમાળા – ૦૨

G.N.Salvi (Mo-7801865476) www.wingofeducation.com



**શિક્ષક તેમજ વાલીઓ મિત્રો,**

**નમસ્કાર !**

NEP 2020 તેમજ NIPUN ભારતના VISION અન્વયે ૩ થી ૮ વર્ષની વય દરમિયાન પ્રત્યેક બાળકમાં (2+1 વર્ષ) પૂર્વપ્રાથમિક શિક્ષણ અને (ધોરણ 1 – 2) પ્રાથમિક શિક્ષણનો પાયો મજબૂતાઇથી રચાઇ જવો જોઇએ. જેથી ધોરણ ૩ પૂર્ણ થતાં પ્રત્યેક બાળક પાયાની સાક્ષરતા અને અંકજ્ઞાનના કૌશલ્યોને આત્મસાત કરી શકે. NIPUN ભારતનું વિઝન પાયાની સાક્ષરતા અને સંખ્યાજ્ઞાનની સમજ સાર્વત્રિક સ્તરે કેળવવા માટેનું વાતાવરણ તૈયાર કરવાનું છે. જેથી ૨૦૨૬-૨૭ સુધીમાં ત્રીજા ધોરણના અંતે અને મોડામાં મોડા પાંચમાં ધોરણ સુધીમાં પ્રત્યેક બાળક વાંચન, લેખન અને અંકજ્ઞાનમાં અપેક્ષિત શૈક્ષણિક કૌશલ ધરાવતું હોય.

વિદ્યાર્થીની વાચન ક્ષમતા સારી હશે તો વાચન એક શિક્ષકની ગરજ સારશે. નબળું વાચન કૌશલ્ય બધા વિષયના અધ્યયનમાં બાધારૂપ બની ખામીયુક્ત અધ્યયન બનાવે છે. સંશોધનો દ્વારા ફલિત થયેલ છે કે વાચન અને વિવિધ વિષયોની જ્ઞાનલબ્ધિ વચ્ચે ધન અને અર્થસૂચક સહસંબંધ રહેલો છે. આથી શિક્ષણમાં વાચન અનિવાર્ય અને મહત્વનું છે. તે માત્ર સાક્ષરતાનું જ નહી પરંતુ પ્રાથમિક શિક્ષણનું પ્રમુખ કૌશલ્ય છે. આથી પ્રાથમિક શાળાઓમાં વિદ્યાર્થીઓને પ્રવાહપૂર્ણ વાચનનો ગુણવત્તાયુક્ત મહાવરો આપવામાં આવે તે આપણા સૌની ફરજ છે. આ માટે જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન દ્વારા શિક્ષકોની સહાય લઇને નિપુણ ભારત અંતર્ગત પાયાની સાક્ષરતાના કૌશલ્યો માટે કૌશલ્યોવાર શિક્ષકો તેમજ વિદ્યાર્થીઓ માટે અલગ અલગ પોથીઓ તૈયાર કરવામાં આવી છે. જેના ભાગ રૂપે વાચન પ્રવાહિતા કૌશલ્ય માટે શિક્ષક તથા વિદ્યાર્થીઓ માટે અલગ અલગ વાચનમાળાઓ તૈયાર કરવામાં આવી છે.

બાળક વાચતા શીખે તેમજ શબ્દ અને વાક્યને પ્રવાહમાં વાંચતો થાય તે રીતે શિક્ષકો માટે ત્રણ વાચનમાળા તૈયાર કરવામાં આવેલ છે. વાચનમાળા ભાગ-૦૧ એ રંગબેરંગી અને ચિત્રાત્મક રજૂઆત સાથે તૈયાર કરવામાં આવી છે. જે ધોરણ- ૧ અને ૨ માં અધ્યાપન કાર્ડ તરીકે મદદરૂપ થાય તે રીતે તેનો ઉપયોગ કરી શકશો. વાચનમાળા ભાગ-૨ એ વાચનમાં નબળા વિદ્યાર્થીઓને માટે બાર દિવસનો વાચન કાર્યક્રમ કરાવી શકાય તે રીતે તૈયાર કરવામાં આવેલ છે. વાચનમાળા ભાગ-૩ એ પણ વાંચનમાં નબળા વિદ્યાર્થીઓને ગતિ વાચન અને સાર્થ વાચન તરફ લઇ જવાના ક્રમિક સોપનમાં તૈયાર કરેલ વાચન કાર્ડ સ્વરૂપે છે. ભાગ એક વાચન શિક્ષણ માટે મૂળાક્ષર પદ્ધતિએ તૈયાર કરેલ છે. જ્યારે ભાગ ૨ અને ૩ એ ઉપચારાત્મક કાર્યમાં સહાયરૂપ થાય તે રીતે તૈયાર કરેલ છે. વિદ્યાર્થીને વાચતો કરવા આ ત્રણેય ભાગ આપને અધ્યાપનમાં



www.wingofeducation.com Page-02

G.N.Salvi (Mo-7801865476) www.wingofeducation.com



સહાયરૂપ બને તે રીતે તૈયાર કરવામાં આવેલ છે. આપ આપની જરૂરિયાત અનુસાર આ સહાયક સામગ્રીઓનો ઉપયોગ કરી શકો છો.

વાચનમાળા ભાગ-૦૪ થી ભાગ ૦૬ એ વિદ્યાર્થીઓના વાચનને પ્રવાહપૂર્ણ બનાવવા માટે તૈયાર કરવામાં આવેલ છે. જેમાં ક્રમશઃ જોડકણાં, બાળગીતો, ચિત્ર વાર્તાઓ, વાર્તાઓ સંકલિત કરીને આપવામાં આવી છે. જે વાચનમાળાઓ વિદ્યાર્થીઓના વાચનને વધુ અર્થપૂર્ણ બનાવશે.

આ ઉપરાંત નિપુણ ભારતમાં સૂચવેલ ભાષા તેમજ સંખ્યાજ્ઞાનના કૌશલ્યોને લઇને ધોરણવાર મહાવરાપોથીઓ તૈયાર કરવામાં આવી છે. જેનો સીધો ઉપયોગ વિદ્યાર્થીઓ સ્વ-અધ્યયન તરીકે કરી શકે તે રીતે તૈયાર કરવામાં આવેલ છે. જેના અધ્યયન થકી વિદ્યાર્થીઓ પાયાની સાક્ષરતાના કૌશલ્યોને સિદ્ધ કરી શકશે. આશા છે કે, આ વાચન તેમજ મહાવરાપોથી આપના બાળકોના પાયાની સાક્ષરતાને નિપુણતા તરફ દોરી જવા માટે સહાયરૂપ બનશે. આભાર.

**શ્રીમતી મિનાક્ષીબેન રાવલ**
**પ્રાચાર્ય, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન**
**રાજકોટ**

## તૈયાર કરનાર ટીમ :

| | |
|---|---|
| કિશોરભાઇ પરમાર | સી.આર.સી. કો., માધાપર, તા. રાજકોટ, જિ. રાજકોટ |
| જયશ્રીબા વાઢેર | સી.આર.સી. કો. બેડલા, તા. રાજકોટ, જિ. રાજકોટ |
| કિરણબેન શીલુ | સી.આર.સી. કો., ગઢકા, તા. રાજકોટ, જિ. રાજકોટ |
| રમાબેન દુધાગરા | શિક્ષક, ગીતાનગર પ્રા. શાળા, તા. પડધરી, જિ. રાજકોટ |
| અંજનાબેન મેરિયા | બી.આર.પી. પ્રજ્ઞા, તા. રાજકોટ, જિ. રાજકોટ |
| કોટક શિલ્પાબેન | આ.શિ., શ્રી મઘરવાડા પ્રા. શાળા, તા.-રાજકોટ, જિ. રાજકોટ |
| સવસેતા સ્વાતિબેન | આ.શિ., શ્રી નવી કન્યા તા. શાળા, વેરાવળ, તા.-કોટડાસાંગાણી, જિ. રાજકોટ |
| ભૂંભરીયા કવિતાબેન | આ.શિ., શ્રી પડવલા પ્રા. શાળા, તા.-કોટડાસાંગાણી, જિ. રાજકોટ, જિ. રાજકોટ |
| રાઠોડ દીપ્તિબેન | શ્રી હરીપર પ્રાથમિક શાળા તા. પડધરી, તા. રાજકોટ, જિ. રાજકોટ |

## માર્ગદર્શન :

**ડૉ. નિશાતબેન બાબી, સિ. લેક્ચરર, ડાયટ – રાજકોટ**

**શ્રી સોનલબેન ચૌહાણ, લેક્ચરર, ડાયટ – રાજકોટ**



DIET - Rajkot

www.wingofeducation.com Page-03

G.N.Salvi (Mo-7801865476) www.wingofeducation.com



# વાચન ઉપચાર કાર્યક્રમ

## અનુક્રમણિકા



| ક્રમ | દિવસ | પાના નં. | પૂર્ણ કર્યા તારીખ |
|---|---|---|---|
| | આટલું તો કરીએ... | ૦૫ | |
| ૧. | દિવસ – ૧ | ૦૭ | |
| ૨. | દિવસ – ૨ | ૦૮ | |
| ૩. | દિવસ – ૩ | ૧૦ | |
| ૪. | દિવસ – ૪ | ૧૨ | |
| ૫. | દિવસ – ૫ | ૧૪ | |
| ૬. | દિવસ – ૬ | ૧૬ | |
| ૭. | દિવસ – ૭ | ૧૮ | |
| ૮. | દિવસ – ૮ | ૨૦ | |
| ૯. | દિવસ – ૯ | ૨૨ | |
| ૧૦. | દિવસ – ૧૦ | ૨૪ | |
| ૧૧. | દિવસ – ૧૧ | ૨૬ | |
| ૧૨. | દિવસ – ૧૨ | ૨૮ | |



- નબળું વાચન ધરાવનાર વિદ્યાર્થીઓને માટે વાચન શિક્ષણના 12 પગલાનો કાર્યક્રમ રચવામાં આવેલ છે.
- વાચન શિક્ષણ માટેના 12 પગલાં ખૂબ જ સરળ રીતે તૈયાર કરવામાં આવેલ આ પગલાંઓમાં તમામ મૂળાક્ષરોને આવરી લઇને 'સરળથી કઠિન', 'પરિચિત પરથી અપરિચિત તરફ' અને 'જ્ઞાત પરથી અજ્ઞાત પર' શિક્ષણના સિદ્ધાંતને ધ્યાને લેવાયો છે.



www.wingofeducation.com Page-04

G.N.Salvi (Mo-7801865476) www.wingofeducation.com



## પ્રિય બાળકો માટે દરરોજ આટલું તો કરીએ જ.......

- દરરોજ ૨૦ નવા શબ્દોનું સમૂહમાં મુખવાચન **'આજના શબ્દો'**
- વયકક્ષા અને ધોરણ અનુરૂપ ઓછામાં ઓછા દસ વાક્યોનું મુખવાચન કરાવીએ. **'આજના વાક્યો'**
- વયકક્ષા અને ધોરણ અનુરૂપ ઓછામાં ઓછા પાંચ વાક્યના બનેલ ફકરાનું મુખવાચન. **'આજનો ફકરો'**
- વાચનમાળા ભાગ-૨ માં દિવસવાર વાચનના સમૂહમાં મહાવરા પછી વાચનમાળા ભાગ-૩ના તે જ દિવસના વાચનકાર્ડ વિદ્યાર્થીને વ્યક્તિગત વાચન મહાવરા માટે આપી શકાય.
- **દરરોજ દસ શબ્દોનું શ્રુતલેખન કરાવીએ. 'આજના શબ્દોનું લેખન'**
- **દરરોજ પાંચ વાક્યોનું શ્રુતલેખન કરાવીએ. 'આજના વાક્યોનું લેખન'**
- **'મારી શબ્દપોથી'** દરેક બાળક પાસે બનાવરાવવી. દરરોજ શિક્ષણકાર્યના અંતે તેમાં પાંચ શબ્દો તેના અર્થ સાથે ઉમેરે. આ શબ્દો તેણે કોઇ પણ વિષયના અભ્યાસ દરમિયાન જે નવા શબ્દો જાણ્યા છે તે પૈકીના હોઇ શકે. ખાસ ધ્યાન લેવું કે તે કોઇ શબ્દકોશમાંથી ઉતારો ના કરે. દરેક બાળકની પોથીમાં અલગ શબ્દો નોંધાશે.

## બાળકોને વાચન માટે પ્રેરવા તમારી કોઇ સ્ટ્રેટેજી રચો. જેમકે, ....

- શરૂઆતમાં ક્રમશ: શબ્દો, વાક્યો અને ફકરા બોર્ડ ઉપર લખીને સમૂહ વાચન કરાવવું. ત્યાર બાદ રેન્ડમલી વિદ્યાર્થીઓને અલગ અલગ શબ્દો અને વાક્યોનું મુખ વાચન કરાવવું. જ્યાં લાગે કે વિદ્યાર્થીને બોર્ડમાં લખેલ શબ્દો, વાક્યો અને ફકરાઓ વાચી શકે છે ત્યારે તે વિદ્યાર્થીની વાચન ગતિ વધારવા માટે વધુ મહાવરા અર્થે વાચનમાળા ભાગ-૩ ના વાચનકાર્ડને વ્યક્તિગત વાચવા આપવું. મતલબ એવી સ્ટ્રેટેજી બનાવો જેનાથી વિદ્યાર્થીને વાચન આવડે, વાચનમાં રસ પડે અને વધુ વાચવા માટે સ્વયં પ્રેરાય.
- શબ્દવાચનમાં અક્ષર વચ્ચેના અટક સ્થાનો દૂર કરવા ગતિ વાચન કરાવવા એકનો એક શબ્દ વારંવાર વંચાવવો. જ્યારે તે શબ્દને એકમ સ્વરૂપે વાંચે ત્યારે તે શબ્દનો અર્થ પૂછવો. એક વાર બાળક ગતિ વાચન કરતો થાય પછી બીજું કાર્ય સરળ બનવા લાગે છે. આથી વિદ્યાર્થી ગતિ વાચન અને સાર્થ વાચન કરતો થાય તેવી સ્ટ્રેટેજી રચો.
- પ્રિય બાળકોને ગંમે તે શબ્દો કે ગંમે વાક્યોનું વાંચન ન આપવું. ઉપચારાત્મક કાર્યને ધ્યાને લઇ સરળથી કઠિન તેમજ પરિચિત થી અપરિચિત સિદ્ધાંતને ધ્યાને લઇને સોપનબદ્ધ શબ્દો અને તે શબ્દો આધારિત વાક્યો તેમજ તે વાક્યો આધારિત ફકરા હોય તો વાચન કાર્ય સહેતુક બનશે. આથી દિવસવાર પગલાઓની સ્ટ્રેટેજી રચશો તો આપની મહેનત લેખે લાગશે.

DIET-Rajkot



www.wingofeducation.com Page-05

G.N.Salvi (Mo-7801865476) www.wingofeducation.com



## યાદ રાખો

વાચન એ સોપનબદ્ધ થતી શારીરિક, માનસિક અને બૌદ્ધિક પ્રક્રિયા છે. અક્ષર કે શબ્દ ઓળખ એ વાચન નથી. વાચન એ બોલવામાં આવતી અને સાંભળવામાં આવતી ભાષાના મુદ્રિત (લેખિત) સંકેતોને ઓળખી ધ્વનિ સંકેતોની સાથે સાયુજ્ય સ્થાપવાની પ્રક્રિયા. અર્થાત્ લેખિત સંકેતોમાંથી વિચાર, ભાવ કે માહિતી મેળવવાની પ્રક્રિયા છે. વાચન એ અર્થકેન્દ્રિત અને કૌશલ્ય કેન્દ્રિત પ્રક્રિયા પણ છે. આથી વિદ્યાર્થીની વાચનની તરાહને પકડશો તો વાચન શિક્ષણ સરળ બની જશે.

## વાચન શિક્ષણના હેતુઓ

- મુદ્રિત થયેલા અક્ષરોને ઓળખી શકે.
- મુદ્રિત થયેલા શબ્દોના અક્ષરોને ઓળખી શકે.
- મુદ્રિત થયેલા શબ્દોના અર્થને સમજી શકે.
- વાક્યને યોગ્ય ગતિથી વાંચી શકે.
- મુદ્રિત થયેલા શબ્દોના અર્થને સમજી શકે.
- વાક્યને યોગ્ય ગતિથી વાંચી શકે. (અટકસ્થાનો ઓછા)
- વાંચેલ વાક્યમાંથી વિચાર, ભાવ કે માહિતીને પકડી શકે.
- નાના ફકરાને સમજીને વાંચી શકે છે.
- ચારથી પાંચ અપિરિચિત શબ્દોવાળા વિધાન વાંચી શકે.

## વાચન માટેની સામગ્રીઓ

- ધોરણવાર આ પ્રકારની સાધનસામગ્રી વિકસાવીને તેનો ઉપયોગ વાચન શિક્ષણના કાર્યક્રમમાં કરવો.

| ધોરણ – ૧ અને ૨ | ધોરણ – ૩ અને ૪ | ધોરણ – ૫ થી ૮ |
|---|---|---|
| (૧) અક્ષરોના કાર્ડ્ઝ | (૧) અક્ષરોના કાર્ડ્ઝ | (૧) સાતત્યપૂર્ણ રીતે રચાયેલ વાચનના કાર્ડ્ઝ |
| (૨) શબ્દ – ચિત્રની પટ્ટીઓ | (૨) શબ્દ – ચિત્રની પટ્ટીઓ | (૨) શબ્દ પોથીઓ |
| (૩) વસ્તુ અને શબ્દચિઠ્ઠી | (૩) વસ્તુ અને શબ્દચિઠ્ઠી | (૩) વાક્ય પોથીઓ |
| (૪) ક્રિયા ચિઠ્ઠીઓ | (૪) ક્રિયા ચિઠ્ઠીઓ | (૪) પરિચ્છેદપોથી /કાર્ડ્ઝ |
| (૫) નામ ચિઠ્ઠીઓ | (૫) નામ ચિઠ્ઠીઓ | (૫) વાર્તાના પુસ્તકો |
| (૬) સાતત્યપૂર્ણ રીતે રચાયેલ વાચનના કાર્ડ્ઝ | (૬) સાતત્યપૂર્ણ રીતે રચાયેલ વાચનકાર્ડ | |
| (૭) શબ્દ પોથીઓ | (૭) શબ્દ પોથીઓ | |
| (૮) વાક્ય પોથીઓ | (૮) વાક્ય પોથીઓ | |
| | (૯) પરિચ્છેદપોથી | |
| | (૧૦) વાર્તાના પુસ્તકો | |



www.wingofeducation.com Page-06

G.N.Salvi (Mo-7801865476) www.wingofeducation.com



| દિવસ - ૦૧ | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ન | | મ | | ગ | | જ |

| | | | | |
|---|---|---|---|---|
| ગજ | નમ | મન | ગન | ગમ |
| નગ | નમન | મગ | ગમન | મગન |
| જમ | મનન | મમ | ગગન | જનગન |
| જનમ | નજમ | મગજ | જગમગ | જનગન |

| | | |
|---|---|---|
| નમ. | જમ. | જમ. |
| નમન. | મગ જમ. | મગજ જમ. |
| નમન નમ. | જગન મગ જમ. | જનમ મગજ જમ |
| ગગન નમ. | મનન મગ જમ. | મગન મગજ જમ. |
| જગન નમ. | ગગન મગ જમ. | મનન મગજ જમ |
| મનન નમ. | જગન મગ જમ. | જગન મગજ જમ. |

નમ. મનન નમ. જમ. મનન જમ. મમ મમ જમ.

મગ જમ. મગજ જમ. મનન મગ જમ. મનન મગજ જમ.

DIET - Rajkot

# દિવસ - ૦૨

| | | | | |
|---|---|---|---|---|
| ન | મ | ગ | જ | ા |
| વ | ર | સ | દ | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| રસ | દર | વદ | રદ | દમ | રન |
| દસ | સર | વર | રવ | સમ | નસ |
| વરસ | વરદ | મદદ | નજર | દસમ | વજન |
| સરસ | ગરજ | મરદ | વગર | નગદ | વરસ |
| દરદ | ગરમ | દમન | વદન | નરમ | રજસ |
| રસમ | નગર | સદન | સમજ | સનમ | મગર |
| ગરદન | ગરમર | સમરસ | સરવર | ગદગદ | સરસર |
| મા | ના | ગા | જા | સા | વા |
| માગ | નાર | ગામ | જામ | સાર | વાર |
| માન | નાવ | ગાર | જાગ | સાદ | વાવ |
| રમા | નામ | સગા | જાન | સાજ | નવા |
| જમા | મના | જગા | રાજા | સાગ | દવા |
| મારગ | નાગ | ગાજર | મજા | મસા | વામન |
| માનવ | નારદ | રામ | સજા | સાગર | સવાર |
| સમાજ | નાગર | રાગ | જાજમ | સારસ | જવારા |
| નમાજ | નારદ | રાવ | સારા | સાવજ | રવાના |
| સામાન | નાગર | રાસ | દાન | ગદા | ગવાર |
| મામા | નાના | દાદા | મારા | માસા | સારા |

DIET-Rajkot

G.N.Salvi (Mo-7801865476) www.wingofeducation.com



| | | | | | |
|---|---|---|---|---|---|
| દાદર | ગજરા | દરાદ | દાવ | મસાજ | સગા |
| દામાદ | મદાર | ગરાસ | રાજન | ગાગર | દાનવ |
| વનરાજ | વરરાજા | રામનામ | જામનગર | વરસાદ | રામ |

| | | |
|---|---|---|
| મામા. | દાદા. | રજા. |
| મારા મામા. | મારા દાદા. | **મજા જ મજા.** |
| મારા સાગર મામા. | મારા જગા દાદા. | જાવ રમવા જાવ. |
| રારા સાગર મામા સારા. | મારા જગા દાદા સારા. | રાસ રમવા જાવ. |

| | | |
|---|---|---|
| સનમ ગરમ જમ. | મન સરસ સમજ. | મદન રન રન રમ. |
| ગમન સરસ રમ. | ગરમ ગરમ જમ. | જગન નરમ નરમ જમ. |
| સાવન ગાજર જમ. | નાગર દસ ગાજર ખા. | માનવ જવારા વાવ. |
| વરસાદ વરસ. | ગજરા જામનગર જા. | સાજન ગામ જા. |

**મારા મા. મારા રમા મા. મારા રમા મા સારા. મનન મામા મારા. મારા મનન મામા સારા. જગન મારા દાદા. મારા જગન દાદા સારા. મગન મારા નાના. મારા મગન નાના સારા. મારા મા, મામા, દાદા, નાના સારા.**

DIET Rajkot



www.wingofeducation.com Page-09

# દિવસ - 03

| | | | | |
|---|---|---|---|---|
| ન | મ | ગ | જ | ા |
| વ | ર | સ | દ | િ |
| ક | બ | અ | છ | ી |

| | | | | | |
|---|---|---|---|---|---|
| કસમ | કરજ | ગજબ | કરન | બદન | અમન |
| કનક | રબર | ગરક | અદબ | કદર | કમર |
| નરક | કરમ | જબર | અમર | કદમ | છગન |
| અજબ | જનક | અરજ | કબર | અગર | જબર |
| અકબર | અવસર | છમછમ | અજગર | અનવર | બકબક |
| અવિ | રવિ | કવિ | દિવ | બિન | દિન |
| છબી | નીક | વીસ | બીક | રસી | અમી |
| માજી | વાલી | સીમા | રીના | બાકી | જાની |
| દિવસ | કિસાન | નિદાન | ગરિમા | સિસમ | વિનાસ |
| રસિક | વિકાર | રિવાજ | વિરામ | વિમાન | છીછરી |
| માનવી | રસીદ | જમીન | કરીમ | રકાબી | બાજરી |
| બરછી | બીકર | વસીમ | બકરી | રિબીન | કરીના |
| વીસ | બાવીસ | કીકી | દીકરી | દીકરા | અમારી |
| આમરસ | દરવાજા | બાદબાકી | રવિવાર | બાબરરાજા | અમદાવાદ |

DIET-Rajkot

G.N.Salvi (Mo-7801865476) www.wingofeducation.com



| | | |
|---|---|---|
| નદી<br>નાની નાની નદી.<br>નદીમાં નાવ. | વરસ વરસ.<br>વરસાદ વરસ.<br>છમ છમ છમ છમ. | ગરમ જરસી.<br>નાની કીકી.<br>સારી સાકર. |

| | | |
|---|---|---|
| કબીર જીદ ના કર. | મીના અમદાવાદ જા. | નીરજ બાજરી જમ. |
| કબીર નીક બનાવ. | જીગર વિરામ કર. | કિસાન બાકી કામ કર. |
| કરીમ નિદાન કર. | નિમા છબી બનાવ | સીમા વિકાસ કર. |
| વસીમ દિવ જા. | રવિ અરજી કર | અમીરાજ ગામ જા. |

| | |
|---|---|
| વિનસ જમીનની રસીદ બનાવ. | માનસી બકરીની નજીક જા. |
| રસિક અવસર સાદા રિવાજ કર. | આદિમાનવ સારા માનવ બન. |

**વરસ વરસ. વરસાદ વરસ. વનમાં વરસ, રાનમાં વરસ. નગરમાં વરસ, ગામમાં વરસ. વાવમાં વરસ, બાગમાં વરસ. બસ, વરસાદ વરસ વરસ. છમછમ છમછમ છમછમ વરસ. નદી છમ છમ છમાક છમ. નદીમાં નાની નાવ. નાવ સરી સરરર સરરર.**

DIET - Rajkot



www.wingofeducation.com 

G.N.Salvi (Mo-7801865476) www.wingofeducation.com



## દિવસ - ૦૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| ન | મ | ગ | જ | િ | ી |
| વ | ર | સ | દ | ા | |
| ક | બ | અ | છ | ે | ૈ |
| પ | ડ | ત | ણ | | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| પકડ | અછત | રમણ | પરત | કડક | સડક |
| પરબ | તરસ | જમણ | મરણ | દમન | વતન |
| પણછ | બરડ | બતક | સતત | પતન | જણસ |
| રજકણ | વણકર | અકબર | છટકણ | નડતર | પડતર |
| કેરમ | કેસવ | તેતર | દરેક | વેતન | પરેડ |
| જાવેદ | પારેવા | બારેજા | નજારે | નેતર | બેકાર |
| વૈદ | નૈના | મૈયા | દૈવ | જૈન | પૈસા |
| જૈવિક | સૈનિક | જૈનમ | બૈમાન | વૈરાગ | નૈતિક |
| દૈનિક | વૈરાગી | વૈદિક | બૈજિક | કૈતિકી | વૈરાગી |
| પૈસાદાર | ઐરાવત | પાનેતર | દેવમાન | મૈરામણ | રાણેસર |

| | | |
|---|---|---|
| કરણ સવારે પરેડ કર. | તપન વેપાર કર. | વેદ દિવસે કામે જા. |
| જાનકી ઘરકામ કર. | સમીર કેરમ રમ. | મેના નવાગામ જા. |
| મૈયા દૈનિક કામ કર. | નૈતિક પૈસા વાપર. | સૈનિક અડગ બેસ. |

DIET Rajkot



www.wingofeducation.com

| | |
|---|---|
| જૈમિન સિતાર વગાડે છે. | કિરણ પૈસા બરબાદ ન કર. |
| દેવકી બે વિમાન બનાવે છે. | જીવણ બકરીને પાણી પા. |
| પૈસાદાર પૈસા વાપરે છે | પારસ ઐરાવત પર બેસે છે. |
| નૈતિક ગામેગામ આવજાવ કરે છે. | વૈદિક પૈસા બેકાર ન કર. |

| | |
|---|---|
| રમકડાં. | બા આવે છે. |
| રમકડાંની ગાડી. | દાદા આવે છે. |
| નાની નાની ગાડી. | દાદી આવે છે. |
| રાતી રાતી ગાડી. | મામા આવે છે. |
| મીના તારી નાની ગાડી. | મામી આવે છે. |
| મીના તારી રાતી ગાડી. | માસી આવે છે. |
| સર સર સર સરે ગાડી. | કાકા આવે છે. |
| મીના, તારી ગાડી સારી. | કાકી આવે છે. |

એક જાજાસર નામે ગામ. ગામમાં એક નદી. નદી પાસે એક મંદિર. મંદિરમાં દેવ અને દેવી. મંદિરમાં એક બાગ અને એક વાવ. વાવમાં પાણી. સવારે બાગમાં કાબર આવે. કાબર બકબક કરે ને વાવમાં પાણી પીવે.

પાણી પીને તાજી-માજી,

રે એ રાજી રાજી.

DIET - Rajkot

G.N.Salvi (Mo-7801865476) www.wingofeducation.com



## દિવસ - ૦૫

| | | | | | |
|---|---|---|---|---|---|
| ન | મ | ગ | જ | ા | |
| વ | ર | સ | દ | િ | ી |
| ક | બ | અ | છ | ે | ૈ |
| પ | ડ | ત | ણ | | |
| લ | ટ | ચ | ખ | ો | ૌ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| રણક | રટણ | ખતમ | ગલત | ચટણ | લટણ |
| મલક | પટણ | ગટર | દટલ | ચલણ | મરણ |
| લડત | લસણ | સખત | મલક | બટર | વખત |
| ટકટક | નટવર | લખપત | અડચણ | દલપત | ખટપટ |
| સમતલ | ચટપટ | કલરવ | મબલખ | તરકટ | લટકણ |
| નમો | બોર | મોર | જોડ | મોલ | દોડ |
| ચોક | ખોટ | ટોચ | લોટ | ડોક | લખો |
| રોડ | છોડ | તોલ | ખોડ | બોર | ટોપ |
| ખટારો | પટારો | લખોટો | જપાટો | ચોપાટ | લાડવો |
| રોટલી | ગોટલી | છોકરી | ટપોરી | ચોટલી | મોરલી |
| ચોપડી | લખોટી | કોમલ | બખોલ | ગોદડી | નોકરી |
| ચૌદ | ગૌરી | નૌકા | સૌરવ | મૌખિક | લૌકિક |



www.wingofeducation.com Page-014

G.N.Salvi (Mo-7801865476) www.wingofeducation.com



| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| મૌલિક | પૌરાણિક | ગૌરાણી | ગૌરવ | કૌરવો | ગૌતમ |
| સૌરભ | કૈલાસ | નૈતિક | દૈનિક | મૈતાલી | ચૈતાલી |
| છેલછબીલો | રાસ રચીલો | કામણગારો | મોરપીંછ | ચાલણગાડી | છાંટો-પાણી |
| નાનો-મોટો | સાચો-ખોટો | મનમોજીલો | ખોખડદડ | ચોખવટ | બારી-બારણાં |

| | | |
|---|---|---|
| રણમલ મોરલી વગાડ. | કૌરવોની સેના મોટી છે. | કોકીલા ચોપડી ખોલ. |
| મનોજ ચૌદ લખે છે. | સોનલ ચોટલો તાણે છે. | મૌલિક ગૌસેવા કરે છે. |

| | |
|---|---|
| રોનક ટોપલો લાવે છે. | લલિત બોર ખાય છે. |
| મગન ગૌચર જમીન ખેડે છે. | કોમલ અને માનસી લખોટી રમે છે. |
| ગૌરી બાજરીનો રોટલો બનાવે છે. | સૌરવ આને ગૌરવ નૌકા ચલાવે છે. |

DIET - Rajkot

સૌરભ અને ગૌતમ નામે બે છોકરા. ટોપીઓ વેચવા ગામે-ગામ આવ-જા કરે. કોકવાર બસમાં તો કોકવાર રેલ ગાડીમાં આવનજાવન કરે. નાની ટોપીઓ પણ ખરી અને મોટી ટોપીઓ પણ ખરી. તેમની પાસે જાજી ટોપીઓ. જાત-જાતની અને રંગબેરંગી ટોપીઓ. લાલ ટોપીઓ, લીલી ટોપીઓ. કેટલીક ટોપી પર છોગા પણ ખરા.

એક દિવસની વાત છે. ટોપીઓ વેચવા રાજકોટ નગરે આવે છે. નગરમાં તો ગરદી. નગરમાં તો તાપ પણ આકરો પડે. રોડ પર આમ-તેમ જોવે છે. તેઓને વારંવાર તરસ લાગે. રસનો ચિચવો નજરે ચડે છે. રસ પીએ પણ તરસ જ ના છીપે.



www.wingofeducation.com Page-015

## દિવસ - ૦૬

| | | | | | |
|---|---|---|---|---|---|
| ન | મ | ગ | જ | | ા |
| વ | ર | સ | દ | િ | ી |
| ક | બ | અ | છ | ે | ૈ |
| પ | ડ | ત | ણ | ો | ૌ |
| લ | ટ | ચ | ખ | ુ | |
| ઝ | હ | ઘ | ળ | | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| નળ | હળ | મળ | ઝટ | ઘટ | હજ |
| ઘર | હટ | જળ | ઘણ | પળ | લટ |
| પઝલ | ઝરખ | ઝડપ | ઝલક | હજમ | હરખ |
| વહન | અહમ | ઘરણ | ઘટક | હરણ | વાલમ |
| ઝગમગ | ખળખળ | ગળપણ | વળગણ | અનહદ | ઝળહળ |
| હળદળ | વળતર | ઘડપણ | હલચલ | બળતણ | છળકપટ |
| રઘુ | કાળુ | ઝાડુ | મનુ | કુળ | સુદ |
| ઘુવડ | હુકમ | લુહાર | ઘુઘરા | ગુલામ | મુકામ |
| મહુડો | ઝબુક | ગુગળ | ઝરુખો | મહુવા | ઝરણુ |
| દુકાળ | કુહાડી | ઝુપડી | મુઝરો | મુસળ | હુકમ |

G.N.Salvi (Mo-7801865476) www.wingofeducation.com



| | | | | | |
|---|---|---|---|---|---|
| ઝડપવું | રાજપૂત | ટહુકારો | રઘુવીર | દુલહન | હુલામણ |
| ઝણઝણવું | હણહણવું | ઘૂઘરીવાળો | ઝાડુ વાળવું | હુકલાખોર | ઘોર ખોદવી |

| | | |
|---|---|---|
| લુહાર કુહાડી બનાવે છે. | સુનિલ કપુર સળગાવે છે. | કુસુમ ખીચડી ખાય છે. |
| બકુલ ઘુમરડી ખા. | નુપુર ગુલાબ લાવે. | નોકર ખાડો ખોદે છે. |

| | |
|---|---|
| ઝાડ પર રાતે ઘુવડ બોલે છે. | કિરણ સાબુદાણાની ગુણ લાવે છે. |
| વાંદરાએ કેળાંની લૂમ પર ઝાપટ મારી. | ઘરડા દાદા હૂકો ગગડાવે છે. |
| રાતે તારા ઝબુક ઝબુક ચમકે છે. | ગૌશાળામાં ગાયો ઘાસ ખાય છે. |

એક ઘનઘોર અને ઘટાદાર જંગલ. જંગલમાં નાના-મોટા બહુ જ ઝાડવાઓ. જંગલમાં એક ઝરણું અને ચાર પાંચ નાના નાળાં. એ વનમાં હેમગિરિ જેવો નાનકડો ડુંગર. ડુંગર તળે લીલુંછમ ઘાસનું મેદાન. ઘાસના મેદાનમાં હરણાંઓ ચરે. ઝરણાં પાસેના ઝાડવાઓ પર પંખીઓના માળા. દિવસે પંખીઓ કલરવ કરે ને હરણાં, સસલાંઓ હરે-ચરે ને રુમઝુમ નાચે. દિવસના રાજા પંખીઓ તો રાતના રાજા ઘુવડો ! વાનરાઓ તો દિન-રાત ઝાડે ઝાડે કૂદે ને ઝટાઝટી કરે. ઝાડનાં પાનડાંઓ ઝૂમે તો લાગે કે જાણે ઝાલર વાગે ! હરણાં, સસલાં, વાનરો, વાઘ, દીપડાં, વરુ, રીંછ હળી-મળીને રહે ને આખું જંગલ વનરાજ સિંહના નેજામાં મોજ કરે.



DIET - Rajkot

www.wingofeducation.com Page-017

G.N.Salvi (Mo-7801865476) www.wingofeducation.com



## દિવસ - ૦૭

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ન | મ | ગ | જ | વ | ર | સ | દ | ા | િ | ી |
| ક | બ | અ | છ | પ | ડ | ત | ણ | ે | | ૈ |
| લ | ટ | ચ | ખ | ઝ | હ | ધ | ળ | ો | ુ | ૌ |
| | ભ | | ય | | ઘ | | ફ | | ૂ | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| મધ | ફળ | ભય | ભણ | ટફ | વધ |
| ભરત | ફલન | નયન | ધમણ | ફલક | વમળ |
| અજય | અભય | ભમર | ચરણ | ભવન | બરફ |
| મલય | ભવન | દફન | ભજન | ફણસ | ભડક |
| ભારત | ફાફડા | યતિન | ભાખરી | ધરતી | ભજીયા |
| ફોરમ | ધોરણ | ભીમજી | ગોફણ | કોયલ | ભોજન |
| દફતર | ગફલત | ભણતર | ભકભક | ઘરસણ | જયમન |
| ફટાફટ | ફારગતી | ફટાકડી | દયાવાન | ફરમાન | યજમાન |
| ધરખમ | ફરસાણ | ભયાનક | સફાચટ | ફારગતી | ઓમકાર |
| મધુ | સુદ | ઝરણુ | મયૂર | ભુલ | ઝળુ |
| ફૂલ | ધૂળ | મૂળ | ફૂટ | ભૂલ | ભૂખ |
| દૂધી | ભૂમી | ભૂત | દૂધ | ભૂજા | ધૂન |
| ભૂવો | ભૂખરો | વિભૂતી | કેયૂરી | ફૂવારો | યૂસુફ |

DIET Rajkot



www.wingofeducation.com Page-018

| | | | | | |
|---|---|---|---|---|---|
| દૂધપાક | ફૂલણજી | ફૂલાવર | ભૂખમરો | ભૂમિગત | ધૂવારણ |
| ધોરાજી | ધોતિયું | ફાકેબાજ | ફટફટીયું | ભૌગોલિક | ભાગાકાર |
| ફૂલગુલાબી | યોગાનુંયોગ | યોગસાધના | ધારાધોરણ | ધગધગતું | ભાગાભાગી |

| | | |
|---|---|---|
| ભૂમિ ભૂત ભગાડે છે. | યૂસુફ ધૂની મગજનો છે. | પૂનમ ભમરડો ફેરવે છે. |
| વિભૂતિ દૂધ પીવે છે. | ફૂલણજી ફૂલ તોડે છે. | કેયૂર દૂધી ખાય છે. |
| ભૌમિક ભૂગોળ વાંચે છે. | ધોરાજી એક તાલુકો છે. | ગરમ ભાખરી ખાય છે. |
| ભાગાકારના દાખલા ગણો. | પાટીમાં ઘડિયા લખો. | ફકરાનું અનુલેખન કરો. |

| | |
|---|---|
| પૂજનને દૂધપાક ખૂબ ભાવે છે. | ફૂલહારના ફૂલ સરસ દેખાય છે. |
| ભારતીને સંગીતના સાધન વગાડતા આવડે છે. | ધનસુખભા વેફર બનાવવાનો ધંધો કરે છે. |

લોભીનું ધન ધૂતારા લૂટે એ કહેવત સાવ સાચી છે.

દૂધનો દાઝેલો છાસ ફૂંકી ફૂંકીને પીવે એ પણ કહેવત છે.

રમતમાં જીત મળે તો ધોંસ ન જમાવાય.

ભાગલા પાડો અને રાજ કરો એ નીતિ અહીં નહી ચાલે.

વખાણ સાંભળી કાગડો તો ફૂલીને ફાળકો બની ગયો.

મહેનત કયારેય ફોગટ ન જાય, મહેનતનું ફળ મળે જ.

ભારતભરમાં બધા લોકો આનંદિત હતા. ગામેગામ સવારમાં ધજા ફરકાવવાનું આયોજન ચાલતું હતું. તે સમયે અચાનક જ ધરતી ધણધણવા ધણધણવા લાગે છે. લોકો ફફડવા લાગે છે ને વિચારે છે કે, આ અચાનક જ માભૌમ કેમ ધણધણે છે ? ધરતીના ધીર ખૂટે કે માનવોના ધીર ! ધોળેદહાડે ધડાકાભેર મકાનો પડવા લાગે છે. એકે રાડ પાડી ને કીધું – ભાગો એલાવ, આ તો ધરતીકંપ છે.

DIET-Rajkot

G.N.Salvi (Mo-7801865476) www.wingofeducation.com



## દિવસ - ૦૮

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ન | મ | ગ | જ | વ | ર | સ | દ | ા | િ | ી |
| ક | બ | અ | છ | પ | ડ | ત | ણ | ે | ૈ | ો |
| લ | ટ | ચ | ખ | ઝ | હ | ઘ | ળ | ૌ | ુ | ૂ |
| ભ | ય | ધ | ફ | ઢ | ઠ | ઇ | ઈ | | ં | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ઢગ | ઠગ | મઢ | મઠ | ગઢ | સઢ |
| ઈસ | ફઈ | રઈ | ઈવ | ઈદ | ટાઇ |
| ગાઢ | ટાઢ | ઢાલ | ઠાર | લાઠી | કઢી |
| જઠર | કઠણ | ઇયળ | રઈસ | નઠર | લઢણ |
| નવાઇ | જમાઇ | માઇક | વાઈફ | લાઇટ | પાઇપ |
| કમાઇ | ઠીકરી | પઠાણી | કઠેડા | મેરઠ | મઢેલ |
| ઢોર | ઢોલ | ઢેલ | ઠોઠ | ઠીબ | આઠ |
| ઠાકોર | ઢોલિયો | ઠપકો | ઠઠારો | ઢોલિડો | ટીપોઇ |
| ઢોકળી | મીઠડી | વેઢમી | ઠીકરી | વૌઠા | ઠેકડી |
| ઈમારત | ઈનકાર | ઈકબાલ | ઈમરાન | ઈજાજત | ઈબાદત |
| ઢમઢોલ | ઠેકેદાર | ઠાઠમાઠ | તાઈવાન | અભરાઇ | કઢીયારો |
| ઠકરાણા | ફઇબા | ફૂઆ | ઠાગાઠૈયા | ઠોકર | ઢોલકું |
| ઈદગાહ | ઇતિહાસ | ઇકરાર | માસીયાઇ | ઇકોતેર | ઢોકળા |

DIET - Rajkot



www.wingofeducation.com Page-020

G.N.Salvi (Mo-7801865476) www.wingofeducation.com



| | | |
|---|---|---|
| ઢેલ ટહુકા કરે છે. | **માટલીની ઠીકરી બને છે.** | ઢોલ ઢમકે છે. |
| ઈમરાન પાઇપ કાપે છે. | ઠીબ લટકે છે. | જમાઇ ઠપકો આપે છે. |
| ઈકબાલ લાઇટ કરે છે. | યૂસુફ ઈબાદત કરે છે. | ઠેકેદાર ઈનામ આપે છે. |
| કૈલાસ શેરડી વાઢે છે. | ઢેલ ઠમઠમ નાચે છે. | ઢોલ ઢમઢમ વાગે છે. |
| આઠડે આઠ, લખજો પાઠ. | છોકરાવ ઠેકડાં મારે છે. | ઈશાન ઇતિહાસ વાંચે છે. |
| ધવલ બધું ઠીકઠાક મૂકે છે. | ઇયળ પાનને કોતરે છે. | ફૈબા ઇડલી-ઢોસા બનાવે છે. |

| | |
|---|---|
| ઠાકોર અભરાઇ પર ચઢે છે. | ગીતા ઢોલિયો ઢાળે છે. |
| ગોપાલ કઢી ખીચડી ખાય છે | પઠાણ ઢોળાવ પર ઢોર ચરાવે છે. |

અમે ગુજરાતી ભોજનના બહુ રસીયા. સવારે ચા અને ગાંઠિયા મળે તો મોજે-મોજ. બીજું કાંઇ ન જોઇએ. ગાંઠિયા સાથે મરચાં અને સંભારો. ઓહોહો... તો તો ઔર જ મજા. બપોરના ભોજન માટે બકાલું ન મળે તો ગાંઠીયાને જ વઘારીને રોટલી-રોટલા સાથે ખાઇએ. અમારે ગામ લગન કે તહેવારમાં ભોજનમાં ઢોકળા તો બનાવે જ. અમારા લોકોનું મનગમતું ફરસાણ એટલે ઢોકળાં ને ખમણ. અમે તો વિધવિધભાતનાં ઢોકળાં બનાવીએ. દૂધીનાં ઢોકળાં, રવાના ઢોકળા, ચણાદાળ-ચોખાના ઢોકળા. ઢોકળાં સાથે લસણની ચટણી કાં તો તેલ. બીજું કાંઇ ના જોઇએ. તમે આવજો અમારે ગામ, ઢોકળાં-ખમણ અને ગાંઠિયાં ખાવા.



www.wingofeducation.com Page-021

G.N.Salvi (Mo-7801865476) www.wingofeducation.com



## દિવસ - ૦૯

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ન | મ | ગ | જ | વ | ર | સ | દ | ા | િ | ી |
| ક | બ | અ | છ | પ | ડ | ત | ણ | ે | ૈ | ો |
| લ | ટ | ચ | ખ | ઝ | હ | ઘ | ળ | ૌ | ુ | ૂ |
| ભ | ય | ધ | ફ | | ઢ | ઠ | ઇ | | ં | |
| | | શ | | થ | | ઉ | | ઊ | | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| રથ | થડ | શક | ઊન | ઉઠ | શણ |
| શબ | ઉલ | ઉબ | શરત | શપથ | ઉપજ |
| ઉપર | ઉથલ | શરણ | કળશ | બથડ | ઊધઇ |
| શરદ | ઉજલ | પરવશ | થરથર | શરબત | અપયશ |
| દશરથ | છાશ | શાક | થાક | શાળ | શાળા |
| થાળ | ઉના | નાથ | થોર | થોભો | શોક |
| ઉમેશ | ઉકાર | ઉબકા | મહેશ | સુરેશ | શેતુર |
| મથુરા | શૂવર | અથાગ | થેપલા | ઉનાળો | થનગાટ |
| ગંજ | પંથ | નંગ | જંગ | લંચ | મંચ |
| વંશ | ઢંગ | સંપ | પંચ | રંજ | દંડ |
| થંબ | ઊંટ | ઊંઘ | મંથન | મંથરા | જંગલ |

DIET-Rajkot



www.wingofeducation.com Page-022

G.N.Salvi (Mo-7801865476) www.wingofeducation.com



| | | | | | |
|---|---|---|---|---|---|
| પતંગ | રીંગણ | સંકોચ | મંઝિલ | ઠંડી | કંઠી |
| ભંડારો | શેતરંજી | શિખામણ | થાનગઢ | શિરોમણી | શાકભાજી |
| શિયાળ | શિલાલેખ | શીતળ | પાશેર | સાથીદાર | શીરો-પૂરી |
| આથમણું | પાઠશાળા | પશુપાલક | શૌરકથા | શોધખોળ | થરમૉસ |

| | | |
|---|---|---|
| ડોશીમા ઠામડાં ઘસે છે. | તું શેર તો હું સવાશેર. | એકડે એક, પાપડ શેક. |
| મંડપમાં થાંભલા હોય છે. | શેઠ શિખામણ આપે છે. | ઉમંગ ઝાડ પર ચઢે છે. |

| | |
|---|---|
| દશરથ પાવાગઢ ગયો છે. | ઉનાળામાં ઉકળાટ થયા છે. |
| શિયાળામાં શાકભાજી વધુ ઊગે છે. | કૌશલ શેતરંજી પાથરે છે. |
| પાથરણાં પાથરો ને ઢોલિયાં ઢળાવો. | ફૂલગુલાબી ઠંડી, શકરાએ ચઢાવી બંડી. |
| જરકશી ઘાઘરો, પહેરે એનો ઠઠારો. | પાશેરામાં પૂણી, એવી એની જેઠાણી. |
| શેરડીના સાઠાં, ઠગ બી ને નાઠાં. | શીમળાનું થડ, સાથીદાર મને જડ. |

DIET - Rajkot

**વાત છે અશોક અને કેશવની. અશોક અને કેશવ એક-મેકના પાકા સાથીદાર. શકલે બંને સરખા લાગે. અશોક ભણવામાં ઠીકઠાક પણ તોફાનમાં શેતાની. કેશવ શાંત, કોઠાસૂઝ ધરાવતો ઠરેલ અને શાણો. તે બંનેને શાક-શીરો-ઢેબરાં, ઢોસા, ઢોકળાં, શકરપારા, શેતુર, શેરડી, કાશીબોર, શરબત અને અથાણા બહુ ભાવે. બંને સાથે રહે, સાથે હરે ફરે ને મોજ કરે. બંનેને શોધખોળ કરવાનો શોખ.**



www.wingofeducation.com Page-023

## દિવસ – ૧૦

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ન | મ | ગ | જ | વ | ર | સ | દ | ક | ા | િ |
| બ | અ | છ | પ | ડ | ત | ણ | લ | ટ | ી | ે |
| ચ | ખ | ઝ | હ | ઘ | ળ | ભ | ય | ધ | ૈ | ો |
| ફ | ઢ | ઠ | ઇ | ઈ | શ | થ | ઉ | ઊ | ૌ | ં |
| | ષ | | ક્ષ | | જ્ઞ | | ત્ર | | ુ | ૂ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| યજ્ઞ | યક્ષ | ક્ષણ | લક્ષ | દક્ષ | ત્રણ |
| રક્ષણ | ભક્ષણ | રક્ષક | અક્ષય | લક્ષણ | ભક્ષક |
| માત્રા | યાત્રા | જાત્રા | પાત્ર | ત્રાડ | ક્ષાર |
| ત્રાસ | ત્રીસ | જ્ઞાત | ત્રાગ | રક્ષા | દક્ષા |
| ત્રાજવા | અષાઢ | વાત્રક | પાષાણ | ભાષણ | અજ્ઞાન |
| જ્ઞાની | જ્ઞાતિ | ક્ષતિ | આશિષ | અમિષા | મનિષ |
| વિજ્ઞાન | વિશેષ | પવિત્ર | બત્રીસ | પાત્રીસ | ત્રિકમ |
| ક્ષત્રિય | શિક્ષણ | દક્ષિણ | બક્ષિસ | ક્ષિતિજ | યાજ્ઞિક |
| ત્રાટક | ત્રાજવા | ત્રિકોણ | ત્રિજ્યા | ત્રિકાલ | દિક્ષીત |
| ભિક્ષુક | યાત્રાળુ | ચોત્રીસ | ક્ષણિક | ત્રિશૂળ | દક્ષિણા |
| સંજ્ઞા | જંત્રી | મંત્રી | મંત્રણા | આમંત્રણ | જ્ઞાનદીપ |

DIET-Rajkot

G.N.Salvi (Mo-7801865476) www.wingofeducation.com



| | | | | | |
|---|---|---|---|---|---|
| વૈજ્ઞાનિક | છાત્રાલય | પક્ષપાત | શૈક્ષણિક | સુત્રધાર | અક્ષયપાત્ર |
| વિશેષતા | ષટકોણ | વિશેષણ | વિષયાંગ | વિશેષતા | જ્ઞાનતંતુ |

| | | |
|---|---|---|
| અત્રી જ્ઞાની સંત હતા. | ભિક્ષુક ભિક્ષા માગે છે. | અક્ષય ઔષધી બનાવે છે. |

| | |
|---|---|
| ત્રિકોણના ત્રણ ખૂણા હોય છે. | યાજ્ઞિક ગુજરાતી વિષય ભણે છે. |
| મનિષા વૈજ્ઞાનિક બનવા માંગે છે. | વિજ્ઞાનનું જ્ઞાન ખૂબ ઉપયોગી છે. |
| મૂષક એટલે ઉંદર. | ઉમેદને ઇતિહાસ વિષય ગમે છે. |
| અજ્ઞાનથી જ્ઞાન તરફ લઇ જાઓ. | ત્રેવડ હોય તેટલી ચાદર લંબાવાય. |
| સંજ્ઞાબેન અમને ક્ષેત્રફળ શીખવે છે. | ક્ષમા આપવી એ વીરનું આભૂષણ છે. |
| શિવજી પાસે ત્રિશૂળ ને ડમરું હોય છે. | આજે અમારી પરીક્ષા છે. |

હું કક્ષા સાતમાં ભણું છું. આજે અચાનક જ અમારી ગણિતની પરીક્ષા લેવામાં આવી. તેમાં ક્ષેત્રફળના ત્રણ દાખલા હતા. મારી બધી બહેનપણીઓએ દાખલા ગણેલ પણ મને ન આવડ્યા. કેમકે ગઇકાલે અમારા સંજ્ઞાબેને ગણિત વિષયમાં ક્ષેત્રફળ શીખવાડેલ. પણ હું નિશાળે આવી ન હતી. મને રડમસ જોઇને ક્ષણભરમાં દક્ષાએ કીધું કે હું તને સત્રાંત પરીક્ષા પહેલાં શીખવીશ. મોટા સાહેબ કહેતા હતા કે જ્ઞાન વહેચવાથી વધે.

DIET - Rajkot



www.wingofeducation.com Page-025

G.N.Salvi (Mo-7801865476) www.wingofeducation.com



## દિવસ – ૧૧

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ન | મ | ગ | જ | વ | ર | સ | દ | ક | ા | િ |
| બ | અ | છ | પ | ડ | ત | ણ | લ | ટ | ી | ે |
| ચ | ખ | ઝ | હ | ધ | ળ | ભ | ય | ધ | ૈ | ો |
| ફ | ઢ | ઠ | ઇ | ઈ | શ | થ | ઉ | ઊ | ૌ | ં |
| ષ | ક્ષ | જ્ઞ | ત્ર | ઋ | | શ્ર | | રૂ | ુ | ૂ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| વરૂ | શરૂ | રૂપ | રૂઝ | વરૂણ | તરૂણ |
| શ્રમ | શ્રવણ | ઋણ | જરૂર | ઋષભ | રૂબરૂ |
| રૂપલ | રૂપક | રૂડપ | ગરૂડ | શ્રાવણ | આશ્રમ |
| ઋચા | રૂપાલા | કરૂણા | રૂમાલ | જાજરૂ | ઋણી |
| ઋષિ | ઋતુ | ભરૂડી | મારૂતિ | રૂપિયા | શ્રીમાન |
| શ્રીમંત | આશ્રિત | પારૂલ | રૂપેરી | રૂવાંટી | શ્રીમાળી |
| રૂપાળી | શ્રીસંત | નિશ્રા | ઋચિક | ઋચિતા | રૂધિર |
| શ્રાપિત | શ્રીકાંત | અનુશ્રી | શ્રીરંગ | ઋતિક | દિક્ષીતા |
| શ્રમિક | રૂપેશ | શ્રેણિક | શ્રીફળ | શ્રીમંત | અશ્રુ |
| રૂમઝૂમ | રૂપરેખા | રૂપાંતર | અશ્રુભીની | ઋષિવન | ઋતુરાજ |
| ઋષિમુની | ઋતુગીત | ઋષિરાજ | રૂપાવટી | પરિશ્રમ | રૂપવતી |



www.wingofeducation.com Page-026

G.N.Salvi (Mo-7801865476) www.wingofeducation.com



| | | | | | |
|---|---|---|---|---|---|
| શ્રુતલેખન | ત્રિરાશિ | શ્રીખંડ | શ્રવણયંત્ર | શ્રીનાથજી | રૂપાવટી |

| | |
|---|---|
| શ્રોતા શ્રવણ કરે છે. | રૂપલનું રૂપ સુંદર છે. |
| રૂપેશનો રૂમાલ સફેદ રંગનો છે. | ઋચા બહેનને રૂબરૂ મળી. |
| યાજ્ઞિક મંદિરમાં શ્રીફળ વધેરે છે. | રૂપિયાનું પૈસામાં રૂપાંતર થાય છે. |
| પારૂલ ત્રીસ રૂપિયાનું શ્રીફળ લાવી. | તુષાર રૂપેરી મારૂતી ચલાવે છે. |
| જંગલમાં ઋષિમુનિનો આશ્રમ હતો. | ચોમાસાની ઋતુમાં વરસાદ પડે છે. |

એક ઉપવનમાં આશ્રમ હતો. તેમાં એક ઋષિ રહેતા હતાં. રૂપાળાં સસલાંઓ એ જ આશ્રમમાં રહેતા. પશુ-પંખીઓ હળીમળીને એ આશ્રમમાં વિચરતા. શ્રાવણ માસ ચાલતો હતો. ઋષિ લોક ભલાઇ માટે વૃક્ષ નીચે બેસી યજ્ઞ કરતા હતા. વરૂ, વાઘ જેવા પ્રાણીઓ પણ બાજુમાં શાંતિથી બેસતા અને આશ્રમનું તેમજ ઋષિનું રક્ષણ કરતા હતા. ઋષિ યજ્ઞ કરતા એ રાક્ષસોને ગમતું નહીં. આથી એક દિવસ રાક્ષસો એ યજ્ઞમાં ભંગ પાડવા હાડકાં લઇને આવેલ. પણ આ શું ! આશ્રમને ફરતે વરૂઓ અને વાઘ સિપાહીની જેમ રક્ષણ કરતા હોય તે રીતે ફરતા હતા. વિકરાળ વાઘ અને વરૂઓને જોઇ રાક્ષસો ભાગી ગયા.

DIET-Rajkot



www.wingofeducation.com Page-027

G.N.Salvi (Mo-7801865476) www.wingofeducation.com



## દિવસ – ૧૨

# જોડાક્ષર

| | | | | | |
|---|---|---|---|---|---|
| અચ્ચર | અન્ના | નક્કર | મમ્મી | રબ્બા | પપ્પુ |
| કચ્ચર | રન્ના | ચક્કર | મલ્લ | અબ્બા | અપ્પુ |
| ખચ્ચર | ગન્ના | પત્તર | લસ્સી | અમ્મા | અબ્બુ |
| બબ્બર | કન્ના | સત્તર | છગ્ગી | ખમ્મા | ગબ્બુ |
| જબ્બર | જન્નત | છત્તર | જપ્પી | છપ્પા | ઢબ્બુ |
| ગબ્બર | ઉન્નત | અત્તર | ગપ્પી | છમ્મા | ડબ્બુ |
| લખ્ખણ | મન્નત | ઉત્તર | પપ્પી | છબ્બા | ચોખ્ખું |
| દખ્ખણ | બૌદ્ધ | દત્તક | ડબ્બી | ગપ્પા | ગુસ્સો |
| ગમ્મત | બૌદ્ધિક | ચિત્તો | જસ્સી | ડબ્બા | જુસ્સો |
| સધ્ધર | પદ્ધતિ | સત્તા | બચ્ચી | કચ્ચા | બસ્સો |
| અધ્ધર | છદ્દ | વત્તા | સચ્ચી | બચ્ચા | કિલ્લો |
| ખપ્પર | મદ્દ | પત્તી | પસ્તી | સચ્ચા | જિલ્લો |
| ઉચ્ચક | પદ્દ | અસ્ત્ર | માધ્વી | પપ્પા | બિલ્લો |
| વલ્લભ | નદ્દ | શસ્ત્ર | સાધ્વી | અલ્પા | રસ્સો |
| પથ્થર | સિક્કો | ઇસ્ત્રી | કાષ્ઠ | જલ્પા | દલ્લો |
| મચ્છર | પટ્ટો | સ્ત્રી | દ્રષ્ટિ | રેશ્મા | છગ્ગો |

DIET Rajkot



www.wingofeducation.com Page-028

G.N.Salvi (Mo-7801865476) www.wingofeducation.com



| | | | | | |
|---|---|---|---|---|---|
| કૃતિ | કર્મ | ક્રમિક | ત્યાગ | ગપ્પું | પેન્શન |
| આકૃતિ | વર્ષ | વિક્રમ | ખ્યાલ | ઢબ્બુ | મેમ્બર |
| પ્રકૃતિ | આકર્ષક | સંસ્કૃત | વ્યાસ | સચ્ચો | સિમેન્ટ |
| કૃતિકા | આશીર્વાદ | પ્રેષક | પુસ્તક | કચ્ચો | સન્નાટો |
| કૃષ્ણ | પાર્થ | સ્ટેશન | અમૂલ્ય | સત્ય | ફ્લેટ |
| કૃપાળું | અર્થ | પુષ્કળ | વ્યાખ્યા | વસ્ત્ર | રાજ્ય |
| આકૃતિ | સાર્થક | કચ્છ | કશ્યપ | સ્ટેશન | ભાજ્ય |
| પ્રાકૃત | પૂર્વ | કલ્પના | ટિપ્પણી | કિલ્લોલ | મહત્તા |
| પ્રવાસ | અર્જુન | રાજસ્થાન | કૌશલ્યા | સ્તબ્ધ | સત્તા |
| પ્રવેશ | ધર્મ | સ્નેહ | ભસ્મ | ગુસ્સો | વત્તા |
| પ્રથમ | રાષ્ટ્ર | સ્વચ્છ | સ્વચ્છ | સ્કાઉટ | વ્યાકરણ |
| ક્રિયા | રાષ્ટ્રધ્વજ | સ્વચ્છતા | ભાજ્ય | ભુક્કો | ગળ્યું |
| ક્રમ | સૌરાષ્ટ્ર | આત્મા | રાજ્ય | રજાચિઠ્ઠી | કશ્યપ |

| | | |
|---|---|---|
| શ્યામ ગમ્મત કરે છે. | ખ્યાતિ ડબ્બી લાવે છે. | ભવ્ય દિલ્લી જાય છે. |
| મમ્મી સ્તબ્ધ થઇ ગઇ. | પપ્પુ કિલ્લોલ કરે છે. | બિલ્લી કિલ્લો કૂદી. |
| રશ્મિએ ગ્લાસ આપ્યો. | કાવ્યા કિન્ના બધે છે. | સ્ટેશન ચોખ્ખું છે. |
| દમયંતિ સત્ય બોલે છે. | પલ્લવી સેન્ડલ લાવી | શ્યામ વ્યાજ લે છે. |

DIET - Rajkot



www.wingofeducation.com Page-029

G.N.Salvi (Mo-7801865476) www.wingofeducation.com



| | |
|---|---|
| મારા જિલ્લાનું નામ રાજકોટ છે. | બાળકોને રંગબેરંગી ફુગ્ગા ગમે છે. |
| અપ્પુ અને પપ્પુ દિલ્લી ફરવા ગયા. | શિલ્પા વ્યાકરણ લખે છે. |
| આ ચોખ્ખું અને તાજું છે. | જસ્સીએ પેટ ભરીને લસ્સી પીધી. |
| આ નવું ચપ્પ્ચ ખૂબ જ ધારદાર છે. | ઘેટાનાં બચ્ચાને ગાડરૂ કહે છે. |
| ગીરના જંગલમાં સિંહ જોવા મળે છે. | બિલ્લીનો આત્મા તડપે છે. |
| મૌલિક સત્તર મુક્કા માર. | સત્યની ભવ્ય જીત થાય છે. |
| ધ્વનિનો ડાન્સ ભવ્ય છે. | કિલ્લો સિમેન્ટનો બનાવ્યો છે. |

| | |
|---|---|
| બાળકોએ ઇશ્વરને પ્રાર્થના કરી. | બાળકોએ અલ્લાહને બંદગી કરી. |
| પુસ્તકાલયમાં ઘણાં બધાં પુસ્તકો છે. | કમ્પ્યૂટર લેબમાં સત્તર કમ્પ્યૂટર છે. |
| પ્રયોગશાળામાં વિજ્ઞાનના પ્રયોગો થાય છે. | અમે વિજ્ઞાન પ્રદર્શનમાં પ્રયોગ રજૂ કરેલ. |

DIET - Rajkot

ભારત આપણો દેશ છે. આપણા દેશનો રાષ્ટ્રધ્વજ ત્રણ રંગનો છે. સૌથી ઉપર કેસરી રંગ છે, વચ્ચે સફેદ રંગ છે અને સૌથી નીચે લીલો રંગ છે. સફેદ રંગની વચ્ચે એક ચક્ર હોય છે. તે ચક્રનો રંગ વાદળી હોય છે. ચક્રમાં ચોવીસ આરા હોય છે. મારી શાળામાં રાષ્ટ્રધ્વજ ફરકાવવામાં આવે છે. ગ્રામજનો ધ્વજવંદન કરવા અમારી શાળામાં આવે છે.



www.wingofeducation.com Page-030